ज्ञान चर्चा जिज्ञासा.


સવાલો ૧૪૩

તથા

બક્ષીસ. વગેરે બીજી અગત્યની બાબતો.

जैन कोममां ज्ञाननो वधारो थवा माटे.

રચીને પ્રસિદ્ધ કરનાર.
મુંબઈ.
नारण हीराचंद कानूनी



अमदावाद.
अंग्लो वर्नाक्युलर प्रिन्टींग प्रेसमां
नथुभाइ रतनचंदे छाप्यो.

સન ૧૮૮૯.   ૦-૨-૬

જ્ઞાન ચર્ચા જિજ્ઞાસા.

(ઉદ્દેશ) જૈન કોમમાં જૈન શાસ્ત્રનો તથા કાયદાનો બોધ ચરચા વગેરે દ્વારા વૃધી પામવાના કારણસર જૈનધર્માભિલાષીઓને કોઇપણ રીતે અસર થાય એ હેતુથી આ લઘુ પુસ્તક દ્વારા બ્યાન કરવામાં આવે છે.

બાબ ૧ લો.
ચર્ચા (પ્રશ્નાવલી)

} ધર્મતત્વ ભાસ્કર યાને જૈનધર્મ સંબંધી કાયદાની કલમ ૧૪૪–૧૪૫ જુઓ.

(૧) જે સાત કુવ્યસન કેહેવાય છે તેનાજ ફક્ત ત્યાગના નીયમસંબંધે સુંસૂં અતીચારો લાગે તેનાં નામ બતાવો ૧૨૪ શિવાય તથા આટાનો ભક્ષકાળ કેટલો તે કહો.

(૨) નીચેકહેલી ઉતસર્ગ અપવાદની ખટ્ભંગીનુ નિશ્ચે તથા વ્યવહારથી સ્વરૂપ યાને ૧૨ બાર પ્રકાર એકબીજાના તફાવતસાથે બતાવો.

૧ ઉતસર્ગ	૨ ઉતસર્ગોતસર્ગ	૩ ઉતસર્ગઅપવાદ
૪ અપવાદ	૫ અપવાદઅપવાદ	૬ અપવાઉતસર્ગ.

૩ નૈગમાદિ ૭ નયના ૭૦૦ ભેદ કયાકયાછે તે દરેકનાં નામકહો.

૪ ચોરાશીલાખ જીવાયોનીમાં કોઇની બે લાખ કોઇની ચાર લાખ તો કોઇની સાત લાખ દશ લાખ ચઉદ લાખ એમ જુદી જુદી સંખ્યા કહી છે તે કમી જાસ્તી કિયા ગણિતવડે કેહેવામાં આવી છે અને તે શા કારણથી તેનો વીશેષે કરીને ખુલાસો બતાવો.

૫ અઢીદ્વીપના મનુષ્યની સંખ્યા ૨૯ ઓગણત્રીસ આંકની જે કહી છે તેટલા મનુષ્ય અઢીદ્વીપના ક્ષેત્રમાં માઈ શકતા નથી અને અજીતનાથ સ્વામીના વખતમાં ઉતકૃષ્ટ સંખ્યા મનુષ્યની હતી એમ કહેવામાં આવ્યું છે તે વખત પ્રમાણે દેહાદિના સુમારે ક્ષેત્ર મેલવતાં મ્હોટો તફાવત પડે છે તે એવોકે દરેક મનુષ્યના વિભાગે એક પ્રમાંણુ-આંગુલ પૂરતી જમીન પણ આવતી નથી તો તેનું સી રીતે સમજવું એના ઉતરમાં કદાપી હેવો વીચાર જસેકે મનુષ્યમાં સ્ત્રી પુરૂષના સંયોગે કરી ઉતકૃષ્ટ નવ લાખ સુધી ગર્ભજ મનુષ્યની ઉત્પત્તિ શાસ્ત્રમાં કહી છે તે સૂક્ષ્મ છતાં સદરહુ ૨૯ આંકની ગણતીમાં તેઓનો

સમાવેશ લેવો પણ એ સંબંધી ઘણા સવાલો ઉઠે છે જેથી વિશેષે કરીને સંતોષકારક બીજા ખુલાસાની આવશ્યકતા છે શાસ્ત્રલેખ સહ.

૬ ચઉદરાજ લોકમાં જુદે જુદા સ્થાનવાર ગણીત કરી એકત્ર કરતાં કૂલ ધનરજ્જુ ૨૩૯ થાય છે અને સાત રાજના ધનાકારથી ગણતાં ૩૪૩ ધનરજ્જુ થાય છે તે તફાવતનું નીરાકરણ સી રીતે યા કીયું ખરૂં તે કહો આ બાબતમાં ધર્મતત્વ ભાસ્કરમાં જે જવાબ આપેલો છે તે સિવાય વિશેષે કરીને સંતોષકારક નીરાકરણ ભરેલો જવાબ જોઈયે.

૭ આવતી ચોવીસીમાં કૃષ્ણમહારાજ તીર્થંકર થવાની બાબતમાં શાસ્ત્રમાં કોઈ ઠેકાણે બારમા તીર્થંકર થવાનું અને કોઈ ઠેકાણે તેરમા તીર્થંકર થવાનુ કહ્યું છે તેનું નીરાકરણ શીરીતે વળી અનુક્રમે તિર્થંકર થવાનો અંતર જોતાં બારમા તિર્થંકર થવા માટે સોલ સાગરોપમ અને તેરમા તીર્થંકર થવા માટે છેતાલીસ સાગરોપમ એ સુમારનો અંતર જોઇયે. અને જે ત્રીજી નરકેથી આવવાનુ તેની સ્થિતિ સાત સાગરોપમ એમ મ્હોટો ફરક પડે છે તેનુ મીલાન શી રીતે એમાં બારમા અને તેરમા એ બેઉ પૂર્વાનુપૂર્વી અનુક્રમે ગણ્યા છે.

૮ સ્ત્રીને અમુક અમુક સંઘયણ હોય હેવો કોઈ સ્પષ્ટ લેખ શાસ્ત્રમાં બતાવો.

૯ કલંકી વિષેનો નિઃસંદેહ ખુલાસો સાસ્ત્રલેખ સહીત બતાવો નિર્ણયકારક (આ વીષે ધર્મતત્વ ભાસ્કરમાં જે કહેલું છે તે સિવાય.)

૧૦ ચોરાસીલાખ જીવાયોનીમાં નીત્ય નિગોદની અને અનીત્ય નિગોદની જીવાયોની કેટ કેટલી છે તે કોઈ ગ્રંથના લેખ સહીત કહો.

૧૧ સીદ્ધના જીવ કિયે અનંતે છે (નવ ભેદ અનંતાના છે તે માંહેનો ગમે તે ભેદ કહો.) જો પાંચમુ અનંતુ કોઈ લેખવડે કેહેશોતો અતીતકાલ કેટલો ગયો છે અને સિદ્ધ ગતિમાં જવાનો અંતરકાળ ઉત્કૃષ્ટો અને જઘન્ય કેટલો છે તેનો વિચાર કરી અતીત કાળનુ અને સિદ્ધનુ મીલાન શી રીતે થાય તે કેહેશો જો. એમ માનોકે આઠમા અનંતા જેટલો કાળ ગયો તો સિદ્ધના જીવ કિયા અનંતામાં ગણવા.

અને હવે પછી જ્યારે અનાગત કાળમાંથી આઠમા અનંતા

જેટલો બીજો કાળ પૂરો થાય ત્યારે સિદ્ધના જીવો ક્યા અનંતે ગ-ણવામાં આવે તે કહો.

૧૨ આ ક્ષેત્રમાં વર્તમાનમાં સમચઉરસ સંસ્થાનબાદ કરીને બીજાં પાંચ સંસ્થાન માહેનાં કેટલા સંસ્થાન મનુષ્યને હોઈ શકે.

૧૩ અગુરૂ લઘુ પર્યાય કે જેનુ ચક્ર બાર પ્રકારનું ફર્યા કરે છે તેનુ સ્વરૂપ સંતોષકારક સમજવામાં આવે તેમ ચોકશ રીતે કહો.

૧૪ દ્રવ્યપર્યાય દ્રવ્યવ્યંજનપર્યાય. ગુણપર્યાય. ગુણવ્યંજન પ-ર્યાય. સ્વભાવપર્યાય. વિભાવપર્યાય એનુ સ્વરૂપ આગમ સારમાં અને નયચક્રમાંઉલટ પાલટ કહ્યું છે તેની સમજ શી રીતે તે તેના હેતુ પૂર્વક કહો.

૧૫ મનુષ્યનો ભવ દશ દૃષ્ટાંતે કરી દોહીલો યાને મોક્ષના કા-રણરૂપી કેહેવાય છે અને મોક્ષના સાધનનો ઉપાય યોજવાને પ્રસંગે મનુષ્યભવમાં બીજા જીવોને આવવાનો પ્રતિબંધ થાય છે. તો તે બાધ નહી આવે એવુ તેનું નીરાકરણ સંતોષકારક કહો જવાપ એવો જોઈએ કે તે ઉપરથી એ વિશે ફરી સવાલ ઉઠવાનું કારણ નહી રહે. (આ સવાલ એક કાઠીઆવાડી વકીલ તરફથી હાંસલ થએલો છે.)

૧૬ ભવ્ય સ્ત્રીને દશ પ્રકારની લબ્ધીનો નિષેધ કહ્યો છે તેમાં પુર્વધરની લબ્ધી જે શ્રુતજ્ઞાનનો ભાગ છે તે પણ સ્ત્રીને ન હોય એમ કહ્યું છે તો પછી સંપૂર્ણ જ્ઞાન (કેવળજ્ઞાંન) તેને થઈ શકે હેવી યોગ્યતા કયા કારણસર અને સું હેતુથી લાગુ પડે તે તથા એ બેઊ વચનો કેઈ કેઈ નયનાં છે અને તેમાં સૂં રહસ્ય રહેલો છે તે બતાવો આ સંબંધમાં ઈથ્થીવેયા હુંતિ ચાલીસા (સ્ત્રીવેદે ૪૦ સિદ્ધ થાય) એમ આશાંબરમતનું વચન કેહેવાય છે તેના ગુઢાર્થનું સ્પષ્ટીકરણ કરો.

૧૭ આ ભરત ક્ષેત્રના મનુષ્યોમાં કોઈને વર્તમાનમાં નીચે લખેલી વસ્તુની પ્રાપ્તી થઈ શકે કે નહી.

૧. ક્ષાયકસમકિત, ૨. જાતી સ્મરણ જ્ઞાન. ૩. અવધીજ્ઞાન. તથા દેવતા પ્રત્યક્ષ આવે કે કેમ તે કહો.

૧૮ નીચે કહેલી બાબતોમાં પુર્વાપર વિરોધ ન આવે એવા ખુલ્લાસા પૂર્વક તેનું નિરાકરણ બતાવો આ ગ્રંથમાંહે પ્રશ્નોત્તરમાં જે જવાબ આપેલો છે તે શિવાય.

(૧) દેવતાની આંખોં મિચાય નહી તો પછી તેને નિદ્રાનો ઉદય વિપાકે શી રીતે હોય.

(૨) તીર્યંચની ગતિ પાપના ભેદમાં છતાં તીર્યંચનું આયુ પુન્યના ભેદમાં ગણ્યું છે તેનું કારણ શું.

૧૯ દિવાનું અજવાળું તે જીવ કે અજીવ કેહેવાય એ વિસે આ ગ્રંથ માંહે પ્રશ્નોત્તરમાં જે કહ્યું છે તે સિવાય ખુલાસો નિરાકરણ રૂપે બતાવો.

૨૦ એકંદર નિન્હવ કેટલા અને તે કોણકોણ ક્યારેક્યારે થયા તથા તેમાં મુખ્ય કોણ તે ચોકસ કહો જેને સાતથી વધારે કેહેસો તો શૂત્રમાં ૭ થી વધારે કેમ નહી કહ્યા તે બતાવો.

૨૧ શાસ્ત્રમાં એક મુહુર્તના શ્વાસોશ્વાસ ૩૭૭૩ કહ્યા છે અને દાકતરના અભિપ્રાયથી તેના ચોથા પાંચમા ભાગ જેટલા કેહેવાય છે તેનું નીરાકરણ સી રીતે તે સંતોષકારક કહો (આ ગ્રંથમાં પ્રશ્નોતરમાં એ વીશે જે કહેલું છે સિવાય)

૨૨ નપુષક વેદનો ઉદય નગરદાહ સમાન કહ્યો તેનો પ્રત્યક્ષ દાખલાથી નીર્ણય બતાવો. એકેંદ્રીના વેદની સમજ સાથે.

૨૩ જેને કર્મનો બંધ નથી લેસ્યા નથી યોગની પ્રવૃતી નથી તેને સંસારીમાં ગણ્યા અને જેને સમકીત નથી સમકીતની પ્રાપ્તીનાં કારણ માંહેનું કોઈ પણ કારણ નથી મોક્ષની કોઈ પણ સામગ્રી નથી તેને સીધ સમાન ગણ્યા એ બેઉ વાક્યો એકજ નયમાં સમાય એવો અને જુદી જુદી નયનાં કેહેવાય એવો માર્ગ શાસ્ત્રાધાર સહ બતાવો.

૨૪ ઉપદેશ માળાની ગાથા ૫૪૨માં કહ્યુંછે કે આ ઉપદેશ માળા આ સ્થલે પૂરી થઇ અને તેની કુલ ગાથા ૫૪૦છે હવે હાલ તે ગ્રંથમાં ગાથા ૫૪૪ માલુમ પડેછે તો એમાં વધારાની ૪ ગાથા કેઇ કેઇ છે અને તે પ્રક્ષેપ કોણે શા કારણથી ક્યારે કરી તે બતાવો

૨૫ દેવેંદ્રસૂરીકૃત પાંચ કર્મગ્રંથો અને પૂર્વાચાર્ય કૃત છઠ્ઠાકર્મ ગ્રંથ એ બેઉ વચ્ચે શુંશું તફાવતોછે તે તેના કારણ સાથે કહો

૨૬ સદરહુ પ્રશ્નોના જવાબો વિસે આ નીચે કહેલી શર્તો લાગુ પડે છે.

૧ જવાબો લેખી હોવા જોઇયે તથા તે નીચે તારીખ સહીત

જવાબ દેનાર મહાશયના હાથ દશકતની સહી જોઇયે.

૨ પ્રશ્ન કહાડનારના તેમજ જવાબ દેનારના બનાવેલા ન હોય હેવા જૈન ગ્રંથોમાં લખેલા અક્ષરાનુસાર તે સઘળા પ્રશ્નોના યથાર્થ જવાબો પૂરી રીતે જોઇયે અને હેવા અક્ષર વિના કોઈ પણ જવાબ નહી જોઇયે.

૩ ગણિતાનુ યોગ સંબંધે કહેલુ લેખી વાક્ય ગણીતથી વિપરીત યા જુદુ પડેતો ગણીતને અનુસરીને તેનુ મીલાંન કરી દેવુ જોઇયે.

૪ નંબર ૧ થી ૨૩ સુધી પ્રશ્નોના જવાબો સારૂ પ્રથમ ઠરાવેલી મુદત વિતી ગયા છતાં જવાબ નહી મળ્યાથી ફરી ઠરાવમાં આવે છે કે આ પ્રશ્નાવળી બહાર પડયા પછી એક મહીનાથી વધારે નહી એવી મુદતમાં ઉપર માગેલા સઘળા જવાબો મળવા જોઇયે.

નારણ હીરાચંદ કાનૂની યાને ગ્રંથ કર્તા.

બાબ ૨ જો

અલ્પાભ્યાસી યોગ્ય સુગમ પ્રશ્નો

૨૭ ધર્મ તત્વ ભાસ્કર યાને જૈન ધર્મ સબંધી કાયદાની પેહેલી કલમમાં અને ધર્મતત્વ ભાસ્કર યાને ધર્મ કાનૂન (જે હિન્દુસ્તાની ભાષામાં છે તે) ની બીજી કલમમાં (ધર્મ) એ શબ્દનો અર્થ એક સરખો નહી કહેતાં જુદે જુદો કેમ કહ્યો છે તેનું યથાયોગ્ય કારણ કહો

૨૮ રાત્રી ભોજન ગ્રંથાંતરે સ્પષ્ટ રીતે છઠા પાપ સ્થાનમાં ગણીને ૧૮)પાપસ્થાંન કહેલાં છે એમ ધર્મ તત્વ ભાસ્કર નામ ગુજરાતી ભાષાના પુસ્તકમાં જણાવ્યુ છે તે પૂર્વાચાર્યકૃત જે મહાન ગ્રંથના આધારથી લખ્યુ છે તે ગ્રંથનુ નામ જૈની ભાઇઓમાં જ્ઞાનની જીજ્ઞાશા લાવવાના હેતુથી બતાવ્યુ નથી માટે સદરહુ દાખલા પૂર્વક તે ગ્રંથનુ નામ કહો

૨૯ પચખાંણુ માંહેના (અશંણું) શબ્દનો ખાસ શબ્દાર્થ ચોકશ કહો. શાસ્ત્ર લેખથી

૩૦ કેવળજ્ઞાન વિના સીદ્ધ થવાતુ નથી એટલે કેવળજ્ઞાનનો વિછેદ કેહેવામાં આવેતો સીદ્ધ થવાનો વિછેદ માંની શકાય તેમ છતાં જંબુસ્વામી પછી જે દશ વસ્તુ વિછેદ ગયાનુ શાસ્ત્રમાં કહ્યું છે તેમાં કેવળજ્ઞાન તથાં સીદ્ધ થવાનુ એ બેઉ નામ સા માટે જણાવવાં

પડયાં છે અને તેમાં શું ભાવાર્થ રહેલો છે તે કહો

૩૧ નોઈંદ્રી દ્રવ્યથી તથા ભાવથી કોને કહીએ તે તેના કારણ સાથે કહો

૩૨ ઉત્તમ વિજયજી કૃત સંજમ શ્રેણીનુ સ્તવન વાંચીને તેની યથાર્થ સમજુતી બતાવો

૩૩ પીનલકોડ કલમ ૪૦૫ માં સાપ્રાધ વિશ્વાસઘાતનો જે ગુન્હો બતાવેલો છે તે ગુન્હો જૈન શાસ્ત્રમાં કહેલાં ૧૮ પાપ સ્થાંન માંહેના કિયા ભેદમાં મુખ્યતા એ ગણવામાં આવે તે કહો

૩૪ ઉપાદાન ઉપાદાનકારણ અને ઉપાદાનકાર્ય એની વ્યાખ્યા કહો.

૩૫ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, એ ચાર નિક્ષેપાથી વધારે કીયા તે બતાવો.

૩૬ ઠગાઈ અને મીલકતનો સાપ્રાધ ખોટો ઉપયોગ કે જેની વ્યાખ્યા પીનલકોડમાં છે તે ગુન્હાઓ જૈનશાસ્ત્રમાં કહેલાં અઢાર પાપસ્થાંન મધે મુખ્યતાએ કિયા પાપસ્થાંનમાં ગણાય.

૩૭ મહાવિદેહક્ષેત્રના મનુષ્યનુ આયુ બાંધ્યા પછી ક્ષાયીક સમકિત પામે તો તે કેટલા ભવે મોક્ષ જાય.

૩૮ સમકિત દ્રષ્ટે દેવતા વર્તમાનમાં ભરતક્ષેત્રના મનુષ્યપણે જનમે કે કેમ.

૩૯ સમકિતી જીવ ત્રશ પ્રાંણીનો ઘાતઘાત કરતાં સમયે આયુ બાંધેતો તે કોનુ બાંધે.

૪૦ ક્રસ્ન લેશ્યામાં સમકિતી માંણસ દેવતાનું આયુ બાંધે કે કેમ અને જો બાંધે તો કેઈ નિકાયનું.

૪૧ તીર્થંકર નામ કર્મની સત્તા મિથ્યાત્વ ગુણ ઠાંણે છતાં શાસ્વાદને કેમ નહી તેનું કારણ દેખાડો.

૪૨ ઉપશમ સમકિતી માણુસ શાસ્વાદન વિના પ્રભાર્યો મિથ્યાત્વ ગુણઠાંણે જઈ શકે કે કેમ.

૪૩ નિત્ય અનિત્યાદિ આઠ ભેદ છે તેના નિશ્ચે વ્યવહારથી ૧૬ સોલ ભેદનું સ્વરૂપ કહો.

૪૪ બારમા ગુણઠાંણે નિદ્રા તથા પ્રચલાનો ઉદય કર્મગ્રંથે

ગણ્યો છે તેનું શી રીતે સમજવું.

૪૫ સીધ મહરાજ સયોગી કેહેવાય દેવું કોઈ નય વાક્ય લખેલુ હોય તો બતાવો.

૪૬ મનુષ્ય વધારે કે દેશવીરતીવાળા જીવો વધારે તે તેના કારણ સાથે કહો-

૪૭ શાતાવેદની અવિછીનપણે કેટલા કાળ સુધી બાંધે જાય તે ઉત્કૃષ્ટપણે કહો.

૪૮ ઊંચ ગોત્રનો ધ્રુવોદય કિયા ગુણસ્થાનથી તે તેના કારણ સાથે કહો.

૪૯ ક્રોધ માન માયા લોભ એ રાગમાં કે ધ્વેશમાં ગણાય તે નય પૂર્વક કહો.

૫૦ ૭ લેશ્યા છઠા ગુણસ્થાન સુધી અને બીજી રીતે ચોથા ગુણસ્થાન શુધી કહી છે તેનું કારણ કહો.

૫૧ અને ૩૫ વાણી કયા અતિશયમાં સમાય.

૫૨ મીસ્ર ગુણઠાંણુ અને અનાભિગ્રહ મિથ્યાત્વ એ બેનો તફાવત કહો.

૫૩ શાસ્વાદન ગુણઠાંણે એકેંદ્રી માર્ગણાંએ આયુબંધ છે કે નહીં.

૫૪ પુદ્ગલાનંદી અને ભવાભીનંદી એ બેમાં શું તફાવત છે તે તેનાં ગુણઠાંણાં સહ કહો.

૫૫ અપૂર્વ કરણમાં કેટલાં ગુણઠાણાં હોઈ શકે.

૫૬ અપૂર્વ કરણ અને અપૂર્વ કરણ ગુણઠાંણુ એ બેમાં શું તફાવત છે

૫૭ ચઉદમા ગુણસ્થાનનો જઘન્યકાળ કેટલો.

૫૮ કારક સમકિત કિયા ગુણઠાંણે તે તેના કારણ સાથે કહો.

૫૯ મિથ્યાત્વ ગુણઠાંણે સમકિત શબ્દ કઈકઈ બાબતમાં શું હેતુથી લાગુ પડે છે.

૬૦ મિથ્યાત્વ શાસ્વાદન એ બેમાં સંકલીષ્ટ પરીણામી કોણ.

૬૧ મીસ્ર ગુણઠાંણાવાળાને સંસાર પરીભ્રમણ કાળ કેટલો અને તે શુકલપક્ષી કે ક્રશ્નપક્ષીમાં ગણાય.

૬૨ જૈનમાર્ગાનુસારી શુકલ કે ક્રશ્નપક્ષીમાં ગણાય અને તેને

શંસાર પરીભ્રમણ કાળ કેટલો.

૬૩ મિથ્યાત્વથી પરભાસ્સા મીસ્ર ગુણઠાંણે જઈ શકે કે કેમ અને તે સાદી કે અનાદી મિથ્યાત્વી.

૬૪ વેદની વિના ૭ કર્મની પાપ પ્રકૃતી ભોગવવામાં અને અશાતાવેદની ભોગવવામાં શું તફાવત.

૬૫ વિદ્યાની કમાઈ અને જ્ઞાંનની કમાઈ એકજ કે કાંઈ ભીન્નતા છે. ભિન્નતા કહેશો તો તેનો તફાવત બતાવો તથા વિદ્યા એ જ્ઞાનમાં સમાય કે કેમ તે કહો.

૬૬ અઢાર પાપસ્થાંન મધે મૃખા અને માયામૃખા એ બેઉ વચ્ચેના તફાવત સાથે તે બેઉને લાગુ પડતા પીનલકોડના ગુન્હા બતાવો.

૬૭ અર્પીત તથા અનર્પીતનય સાતનય મધ્યે કેઇ કેઈ નયમાં સમાય તે તેના તફાવત પૂર્વક કહો.

૬૮ આરોપ નૈગમ અને ઉપચરીત વ્યવહાર નયમાં શું તફાવત છે.

૬૯ પીનલકોડમાં કહેલા વિશ્વાસઘાતમાં અને અઢાર પાપસ્થાંન મધેના અદતાદાનમાં શું તફાવત છે તેમજ ઠગાઈ અને અદતાદાનનું પણ કહો.

૭૦ જેને સમભીરૂઢ નય સીધ કહે તેને સંસારીમાં ગણનારી નય બતાવો.

૭૧ નૈગમ અને સમભીરૂઢ એ બેઉનો અભીપ્રાય મલતો આવે હેવો કોઈ એક દાખલો બતાવો.

૭૨ કર્મ પ્રકૃતી ૧૫૮ માં વિશંયોજના કોની થઈ શકે.

૭૩ નય અને સપ્તભંગીમાં શું તફાવત છે તે કહો તે તથા નયની સપ્તભંગી ન થઈ શકે તો તેનું કારણ કહો.

૭૪ વર્ણાદિ ૨૦ માં શુભ અશુભ કોણ કોણ અને તે શું અપેક્ષાથી કહેવાય,

૭૫ તીર્યંચનું આયુ અને તીર્યંચની ગતીમાં શું તફાવત છે.

૭૬ નીચલાં ગુણઠાંણાં કરતાં ઉપરલે ગુણઠાંણે ઓછી પ્રકૃતીનો બંધ એ એક સામાન્ય નીયમ સબંધે લાગુ પડે હેવો કોઈ એક અપવાદ બતાવો.

૭૭ સમકિતની ૧૦ રૂચી અને રોચક સમકિત એ ભિન્ન કે અભિન્ન કહેવાય.

૭૮ તેરમે–ચઉદમે ગુણઠાંણે ઉદયા પેક્ષાએ કેટલાં તત્વ પામીએ

૭૯ છીંક ઉધરસ તોપ બંદુક એવા શબ્દો શ્રુત જ્ઞાન મધે કયા ભેદમાં ગણાય.

૮૦ વાટે વેહેતા યાને બીજા ભવમાં જતા જીવને દશ પ્રાંણ માંહેલા કેટલા પ્રાંણ હોય તથા દર્શણ કેટલાં શું હેતુથી કહેવાય:

૮૧ ઇંદ્રી ઉદ્દેશ પડીમા એ શબ્દોનો અર્થ ટુંકામાં કહો.

૮૨ નવ તત્વ મધે તથા ચઉદ ગુણઠાંણાં મધે વર્તમાનમાં આ ભરતક્ષેત્રમાં અને મહાવિદેહ ક્ષેત્રમાં કેટકેટલાં હોય—

૮૩ જેણે તીર્થંકર નામકર્મ ઉપર્જાયું હોય તેને તેજ ભવે વિપાકે ઉદયમાં આવી શકે કે કેમ.

૮૪ દિક્ષા અને મોક્ષ સબંધી લાયક ગેરલાયક પણા વીશે કૃત્રીમ અકૃત્રીમ નપુષકનું સ્પષ્ટિ કરણ બતાવો.

૮૫ અઢાર પ્રકારના પુરૂષ તથા વીશ પ્રકારની સ્ત્રી દિક્ષાને અયોગ્ય એ નીયમ સંબંધે વર્તમાનમાં રાજ્ય કાયદાથી વીચારમાં લેવા યોગ્ય શું શું બાબતો છે તે કહો.

૮૬ સાધુ વેષ ધારણ કિધા બાદ શું ખામી આવે તો તથા આચાર્ય પદ દેતાં બાધ આવે તે કહો.

૮૭ ભાવજ્ઞાની શબ્દ સમભીરૂઢ તથા એવંભૂત નયથી કોને કહીયે.

૮૮ સીધનું દ્રવ્ય અનંતર તથા પરંપરા કોને કહીયે.

૮૯ નવ તત્વ મધે કિયા કિયા ગુણઠાણે કેટકેટલાં તત્વ હોઇ શકે તથા તે દરેક ગુણઠાંણે નવ તત્વ માંહેના પેટાભેદ કેટ કેટલા હોઇ શકે.

૯૦ ગર્ભજ મનુષ્ય ગર્ભમાં ઉત્પન્ન થયા બાદ તેને વૈક્રીય લબ્ધી-નો ઊદય કમતીમાં કમતી કેટલી મુદતમાં થઈ શકે.

૯૧ ગુણ અને પર્યાય એ બેઉ વચ્ચે શું તફાવત છે તે તેનાં લક્ષણ પૂર્વક કહો.

૯૨ શબ્દ નય અર્થ ગ્રાહી છતાં તેમાં નામાદિ ચાર નિક્ષેપા

આગમસાર ગ્રંથે કેમ કહ્યા છે.

૯૩ જીનપ્રતીમામાં નિમીત્ત કારણપણું સપ્ત નયથી કેવી રીતે તેમજ અરીહંતપણા વીશે પણ કહો.

૯૪ કેવળીને જ્ઞાયક ભાવમાં અને ઉપદેશમાં નયની જરૂર છે કે નહી.

૯૫ મનપર્યવજ્ઞાનથી મનના પાર્યાય જાણી શકાય તેમ અવધીજ્ઞાનથી પણ જાણી શકાય કે કેમ અને તે કેવા ધોરણથી.

૯૬ મનપર્યવજ્ઞાન કરતાં અવધીજ્ઞાનનું ક્ષેત્ર મર્યાદ વધારે છતાં મનપર્યવનો દરજ્જો વધારે કેમ તે કહો.

૯૭ ચઊદ ઉપગરણ અને દેવતાની સ્તુતિ તે ઊત્સર્ગ કે અપવાદમાં ગણાય.

૯૮ મલ્લીનાથજી ૧૯ મા તીર્થંકર સ્ત્રીલીંગે ગણાતાં છતાં તેમની પ્રતીમા પુરૂષાકાર પૂજાય છે તેનું કારણ કહો.

૯૯ સાત કુવ્યસનનું દ્રવ્ય તથા ભાવથી સ્વરૂપ કહો.

૧૦૦ એક લોગશનો કાઉસગ ૨૫ તથા ૨૮ શ્વાસોશ્વાસનો કેહેવાય છે તે જે એક મુહુરતના શ્વાસોશ્વાસ ૩૭૭૩ થાય છે તે મંધેના કે બીજા તે કહો.

૧૦૧ મુશલમાન, ક્રીસ્તી, યાહુદી અને પારસી એઓ ખટ દર્શન મધે કયા કયા દર્શનમાં ગણાય.

૧૦૨ બીજનું જે વૃક્ષ થાય છે તેને માટે અર્થ શાસ્ત્રમાં એમ બતાવે છે કે પૃથ્વી બીજરૂપ થઈ વૃધી પાંમે છે તો પુછવાનું કે જૈન શાસ્ત્રાભીપ્રાયથી વૃધીનો નીયમ શી રીતે છે તે કહો.

૧૦૩ જાતીસ્મરણજ્ઞાનને મતીજ્ઞાનમાં કેમ ગણ્યું છે.

૧૦૪ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવથી પુદગલ પરાવર્તન કહેવામાં આવે છે તે શિવાય ભવ પુદગલ પરાવર્તન કોને કહીયે તેની વ્યાખ્યા કહો.

૧૦૫ સંયોગી કેવળીને તથા એકેંદ્રીથી તે ચઊરેંદ્રી સુધીના પ્રાણીઓને કિયુ ધ્યાંન હોય.

૧૦૬ ચરણ સીતરી તથા કરણ સીતરી એ બેઉ વચ્ચે શું તફાવત છે.

૧૦૭ ઉછેદ આંગુલ કરતાં પ્રમાંણ આંગુલ ચારસેં ગુણો–હ-જારગુણો–અઢીગુણો કેહે છે તેનું શી રીતે.

૧૦૮ આધાકર્મી આહાર સાધુને દેવાથી દેનારને કેમ દોષીત કહ્યો-

૧૦૯ સામાયકમાં નીતિનાં પુસ્તકોનો અભ્યાસ કરવો એ નીર્દોષીત કે દોષીત ગણાય.

૧૧૦ ઉદારિકાદિ પાંચ શરીરનાં નાંમ શું હેતુથી પડ્યાં છે.

૧૧૧ ભાષાનાં પુદગલ ચઉફરસી છતાં બોલવાથી વાઉકાય આઠ ફરશી શી રીતે હણાય.

૧૧૨ દીવસનો નહી પણ ફક્ત રાતનો પોશહ જેણે લિધો હોય તે દેવશી પ્રતિક્રમણામાં અઢાર પાપસ્થાંન નહી આલોવતાં અષ્ટ પ્રવચન માતા કેહે છે અને દેશાવગાશીક જેણે આખો દીવસ સંવરમાં કાઢ્યો હોય તે અઢાર પાપસ્થાંન આળાવે એ રૂઢી કયા શાસ્ત્રાધારથી યાઃ બીજીરીતે ઉચીત છે કે કેમ તે કહો.

૧૧૩ અભક્તાર્થ કોને કહીયે તેનું સ્પષ્ટીકરણ કરો.

૧૧૪ ક્ષયોપશમ સમકીત અને ક્ષયોપશમ ચારીત એ બે વચ્ચે ગુણસ્થાંનની હદ વીશે શું ફરક છે.

૧૧૫ બંધ કરતાં સત્તામાં તથા ઉદયમાં પ્રકૃતી વધારે શા માટે કહી.

૧૧૬ કરેમીભંતે પાઠમાં વચન તથા કાયાની અનુમોદના મોકલી સામાટે રાખી તેમજ મનનો ભાંગો મુશકેલીનો છતાં તેની છૂટ નહી આપી તેનુ કારણ કહો.

૧૧૭ ક્ષયોપશમભાવ અને ઉપશમભાવ એ બેમાં ઉંચી પંક્તીએ કોણ.

૧૧૮ સ્વયંભુરમણ સમુદ્ર અર્ધરાજ ઉપ્રાંત કહ્યો તે અર્ધરાજ ઉપ્રાંત કેટલો છે.

૧૧૯ જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ તથા દ્રવ્યાભાવ શ્રાવક કોને કહીયે.

૧૨૦ છઠ્ઠા દીશી પરીમાણ વ્રતની સાથે દશમા દેશાવગાશિક વ્રતનો તફાવત કહો.

૧૨૧ છઠ્ઠુ દિશી પરીમાણ વ્રત શ્રાવકને છતાં સાધુને નહી હોવાનું કારણ કહો.

૧૨૨ અગીઆરમાં ગુણુઠાણે કષાયનો ઉપશમ છતાં ત્યાંથી પડવાનો સબબ શો છે.

૧૨૩ કેટલે ગુણુઠાણે જીવનુ મરણ કહી શકાય અને પરભવમાં તથા પરગતીમાં જતાં ગુણુઠાણાં કેટલાં.

૧૨૪ કિયા કિયા સમકીતને લિધે ચોથુ સમકીત ગુણઠાણું કેહેવાય તથા ન કેહેવાય તેમજ મીથ્યાત્વ ગુણઠાણુ કિયા કિયા મીથ્યાત્વ આસરી કેહેવાય તે તથા ન કેહેવાય તે કહો.

૧૨૫ વ્યક્ત અવ્યક્ત મીથ્યાત્વ સાથે અભીગ્રહીક. અનાભીગ્રહીક મીથ્યાત્વનુ મીલાન શી રીતે અને તેમાં કીયા ભેદવાલા જીવોને મીથ્યાત્વ ગુણઠાણું લાગુ પડે એને માટે મતાંતર કહો.

૧૨૬ ૧૧ મા ગુણસ્થાન કરતાં આઠમા ગુણસ્થાનમાં નીર્જરાની વૃધીકારક હેતુ શું છે તે બતાવો.

૧૨૭ ભાષાસુમતીમાં સંભાલથી બોલવાના શું પ્રકારો છે તે તથા ૧૬ સોલ વચનનુ સ્વરૂપ કહો.

૧૨૮ દ્રવ્ય ભાવ લેશ્યાનુ સ્વરૂપ શું છે તે તથા દેવતા અને નારકીને જે જે લેશ્યા કેહેવાય છે તે દ્રવ્યથી કે ભાવથી.

૧૨૯ અભવ્યને પૂર્વ લબ્ધીનો નિષેધ કરયા છતાં તે પૂર્વ વિદ્યા ભણે કે કેમ અને તેનો શું હેતુ છે તે તથા તે વીશે સ્ત્રી સબંધી કેમ તે કહો.

૧૩૦ અતીક્રમ–વ્યતીક્રમ–અતીચાર–અનાચારમાં ગુણઠાણાં કેટ કેટલાં.

૧૩૧ લેશ્યા–અધ્યવસાય–સંજમનાં સ્થાનક અને ગુણુઠાણાં એઓનુ મીલાન કરી તેનો તફાવત બતાવો.

૧૩૨ અનંતાના નવ ભેદ છે તેમાં નવમું અનંતુ ક્યારે થાય.

૧૩૩ અવધીજ્ઞાનના ભેદ કયે કયે પ્રસંગે અનંતા અસંખ્યાતા અને સંખ્યાતા કેહેવાય.

૧૩૪ લબ્ધી પર્યાપ્તી અને કરણ પર્યાપ્તી તથા તે બંને રીતની અપર્યાપ્તી કોને કહીયે.

૧૩૫ બાહુ બલને સંજવલનો માન ૭ માસ સુધી કેમ રહ્યો (સંજ્વલની સ્થીતિ ૧૫ હાડાની દા૭)[illegible]

૧૩૬ દેવતાની ગતી, ચંડા, ચવલા, વેગા, એ શું હેતુથી કેહેવાય.

૧૩૭ તપ સંબંધી બાઝ—અભ્યંતર નામનો હેતુ શું છે.

૧૩૮ દિગંબરી મતાવલંબીઓને પુછવાનું કે સાધુ, સાધવી, શ્રાવક, શ્રાવીકાએ, ચતુરવિધસંઘ શાસ્ત્રમાં કેહે છે અને સાધુનું ગુણસ્થાન છઠાથી ચઉદમા સુધી છતાં. સાધવીની હદ પાંચમા ગુણસ્થાન ઉપ્રાંત ગણવાની ના કહો છો તેનું કારણ શું—સાધવી પણ સર્વ વીરતી અંગીકાર કરે છે તેમ વરતે તો પછી વ્રતના નીયમ પ્રમાણે સર્વ વીરતી ગુણસ્થાંન તેને શા માટે ન હોય તે કહો.

૧૩૯ આહાર સંજ્ઞા વિના આહાર કરે કે કેમ.

૧૪૦ આહાર સંજ્ઞા કિયા ગુણસ્થાંન સુધી છે.

૧૪૧ શ્રાવક પોતાના ઘેર સામાયિક યા. પોસહ ધારણ કરી બેઠેલ છે તેવામાં મુની મહારાજ—આહાર અર્થે પધારે અને તે શ્રાવકના ઘરમાં આહાર પાંણીની જોગવાઈ હોયતો તે મુનીને આપે કે કેમ.

૧૪૨ વાંહાંણમાં પડીકમણુ પોસહ સામાયીક થઈ શકે કે કેમ.

૧૪૩ સમકીતનુ બીજ કોને કહીયે.

૧૪૪ જ્ઞાન અને દર્શન (સમકીત) એ બેમાં પ્રથમ ઉત્પત્તીમાં કોણ

આ બાબતમાં જણાવેલાં પ્રશ્નોના ખુલાસા. જૈન મુક્તિ બીજકાનુન નામે માસીક ગ્રંથમાં જણાવવામાં આવસે. તેથી વાકફ થશો.

બક્ષીસની જાહેરાત

૧૪૫ આ પુસ્તકના પેહેલા બાબમાં જણાવેલાં સઘળાં પ્રશ્નોના પૂર્ણ જવાબ જે કોઇ જૈની ગ્રહસ્થ કોશીશ કરી ઠરાવેલી મુદતમાં ચોકશ રીતે મેળવી આપશે તેમને ધર્મતત્વ ભાસ્કર નામના પુસ્તકની પચાસ ચોપડી બક્ષીસ મળસે.

૧૪૬ આ પુસ્તકના બીજા બાબમાં જણાવેલાં સઘળાં પ્રશ્નોના પૂર્ણ જવાબ આ પુસ્તક બહાર પડયાની તારીખથી દશ દીવસમાં જે મહાશય શાસ્ત્ર દાખલા પૂર્વક લખીને જણાવસે તેમને ધર્મતત્વ ભાસ્કર નામની ચાલીસ ચોપડી બક્ષીસ મળસે

૧૪૭ (કાયદા બોધકથી વાકફ થાઓ) એવા સરનામા પૂર્વક પ્રશ્નાવળીના જે બે ભાગો મ્હારા તરફથી બહાર પડેલા છે તેમાં કુલ ૧૨૫ પ્રશ્નો બ્રિટીશ કાયદાને લાગુ પડતાં છે તે સઘળા સવાલોના પૂર્ણ જવાબો ૧૫ દાહાડાની મુદતમાં જે જૈની ગ્રહસ્થ કાઢી આપસે તેમને મ્હારી બનાવેલી નીચે લખેલી ચોપડીઓ બક્ષીસ મળસે

(૧૨૫) દિગ્પ્રદર્શન યાને ફોજદારી અપૂર્વ જંત્રી નામની ચોપડીઓ એકસોને પચીસ.

(૧૦) ધર્મતત્વ ભાસ્કર યાને ધર્મ કાનૂન નામની હિંદુસ્તાની ભાષાની દશ.

(૫) કાનૂન બોધક નામની હિન્દુસ્થાની ભાષાની પાંચ.

(૫) ધર્મતત્વ ભાસ્કર યાને જૈનધર્મ સંબંધી કાયદાની પાંચ.

૧૪૫

૧૪૮ ઉપર જેજે બક્ષીસો કહી છે તે બક્ષીસો ઠરાવેલી મુદતમાં પેહેલ વેહેલાં પોતાની સહી સાથે પૂર્ણ લેખી જવાબો આપનાર જૈની શીવાય બીજા કોઈને માટે સમજવી નહી.

૧૪૯ સદરહુ બક્ષીસોમાં ધર્મતત્વ ભાસ્કરની ચોપડીઓ ગુજરાતી રા૦ રા૦ વકીલ સવજીભાઈ વાહાલજી રાજકોટવાળા એમની વતી અને બીજી ચોપડીઓ મ્હારી વતી જાણવી.

૧૫૦ યાદ રહેવું જોઈએ કે ચોપડીઓની બક્ષીસ (ઈનામ) એકાંઈ લાભના લેખામાં ગણવાને બશ નથી પરંતુ એથી કરીને જ્ઞાનની જીજ્ઞાશાનો મ્હોટો લાભ હાંસલ થાય એ ઉત્તમ હેતુ છે.

૧૫૧ ધર્મતત્વ ભાસ્કર યાને જૈનધર્મ સંબંધી કાયદાની કલમ ૧૪૫ માં જણાવેલા બ્યાનમાં જૈનશાસ્ત્રાનુંયાયી દિક્ષાના કારણસર પસંદ પડે એવા શુવિહીત ગુણાલયી મુનીરાજ મહારાજની પાસે દિક્ષાની ઉમેદ સમાય છે એમ સમજવું.

૧૫૨ જૈનશાસ્ત્ર સાથે બ્રિટીશ કાયદાનો લગતો ભાગ જોડીને બનાવેલો સદરહુ જૈનધર્મ સંબંધી કાયદો ખરીદવાની મરજી હોય તેમણે ગ્રંથ કર્તા પાસેથી યા મુંબઈ મધે કોટમાં તથા બહારકોટમાં દરેક દેરાસરના કારખાનામાં દરેક ચોપડીના છ આના મુજબ આપી લેવાની ભલામણ છે.

(એમાં જૈનશાસ્ત્રના ઘણા ગ્રંથોના મથન પૂર્વક કાઢેલી વિચિત્ર બાબતો તમે જોશો.)

૧૫૩ સદરહુ જૈનધર્મ સંબંધી કાયદાની ચોપડીની ઘરાકી બહુ વધી પડયાથી બીજી આવૃતી છપાવવાની તૈયારી છે માટે તે ગ્રંથ સજ્જનો વેળાસર વાંચી જોઈ સુધારા માટે મને અગત્યની સુચનાઓ યોગ્ય વખતમાં કરશે તો તેમનો ઉપકાર માનવાની સાથે જેમ મુનાસબ દીસશે તેમ નવી આવૃતીમાં સગવડને અનુસરીને સુધારો થશે.

તા૦ ૧૦–૨–૮૯ મુંબઈ કોટમાં
બજાર ગેટ ચોકીની પાછળ

નારણજી હીરાચંદ કાનુની.
યાને ગ્રંથ કર્તા

જ્ઞાન વૃધીનો ઉદ્યોગ.

૧૫૪ જૈનધર્મ સંબંધી કાયદાની આ નીચે દરસાવેલી કલમ મુજબ અમલ થવામાં મુખ્યપણે પાકી મદદ કરનાર મહા પ્રભાવિક પુરૂષ તરીકે સમજવા જોઈયે.

જૈન કા. ક. ૨૨૭ જૈન જ્ઞાન વૃધી અર્થે આ નીચે કહેલા ઉપાયો સકતી અનુસાર યોજવાની ભલાંમણ છે.

૧ યોગ્ય દેખાય એવી જગો જગોપર પુસ્તકાલય યાને જૈન લાયબ્રેરી સ્થાપવી.

૨ યોગ્ય યોગ્ય સ્થળપર જેમ જરૂર હોય તેમ જૈન શાસ્ત્રનો તથા રાજ્ય કાયદાઓનો અભ્યાસ થાય એવી શાળાઓ સ્થાપવી.

૩ ભણનારા લોકોની પરીક્ષાને માટે તેમના કલાશ બાંધવા જોઈયે.

૪ ભણનારાઓએ સંપાદન કીધેલા જ્ઞાન પ્રમાંણે તેમના દરજ્જાના નંબર વીગરે ઠરાવવા જોઈયે અને વખતે વખત તેમને યોગ્ય પ્રમોસન મલવું જોઈયે.

૫ ભણનારા તથા જ્ઞાનાભિલાષી જનોને પુસ્તકો યોગ્ય રીતે બક્ષીસ દેવાં.

૬ શાસ્ત્રનું મથન કરી કરાવીને તેમાંથી સાર સંગ્રહ કરીને તેવાં પુસ્તકો તથા પૂર્વેનાં જે ગ્રંથો વિશેષે કરીને જ્ઞાનદાયક હોય તે વર્તમાનકાળને અનુસરતી સરલ ભાષામાં પ્રસિદ્ધ કરવા જોઈયે અને તેનો બોહોલો ફેલાવો થાય તેમ કરવુ જોઈયે.

૭ જ્ઞાનની વૃધી અને ધર્મની ઉન્નતિ અર્થે ઉપયોગી થઈ પડે હેવુ મ્હોટામાં મ્હોટું ફંડ થવુ જોઈયે.

૧૫૫ હિન્દુસ્તાંન માંહેનાં નીચે લખેલાં સેહેરોની લોક સંખ્યા સને ૧૮૮૧ ની થએલી ગણત્રી પ્રમાંણે. (કોઈ પુસ્તકના આધારથી).

	સેહેરનું નામ.	લોક સંખ્યા
૧	મુંબઈ સેહેર તથા બેટ	૭,૭૩,૧૯૩
૨	કલકતા	૪,૩૩,૨૧૯
૩	કલકતાના બધોવર્ગ	૨,૬૧,૪૩૯
૪	મદ્રાસનો બધો વર્ગ	૪,૦૬,૮૪૮
૫	હૈદ્રાબાદ, શિકંદરાબાદ	૩,૫૪,૯૪૮
૬	લખનૌર	૨,૬૧,૩૦૩
૭	બનારસ	૧,૯૯,૭૦૦
૮	દીલ્લિ	૧,૭૩,૩૯૩
૯	પટણા	૧,૭૦,૬૫૪
૧૦	આગ્રા	૧,૬૦,૨૦૩
૧૧	બંગલોર	૧,૫૫,૮૫૭
૧૨	અમૃતસર	૧,૫૧,૮૯૬

૧૩	કાનપૂર	૧,૫૧,૪૪૪
૧૪	લાહોર	૧,૪૯,૩૬૯
૧૫	અલહાબાદ	૧,૪૮,૫૪૭
૧૬	જૈપૂર	૧,૪૨,૫૭૮
૧૭	રંગુન	૧,૩૪,૧૭૬
૧૮	પુના	૧,૨૯,૫૬૧
૧૯	અમદાવાદ	૧,૨૭,૬૨૧
૨૦	બારેલી	૧,૧૩,૪૧૭
૨૧	સુરત	૧,૦૯,૮૪૪
૨૨	હાવરા	૧,૦૫,૨૦૬
૨૩	વડોદરા	૧,૦૧,૮૧૮
૨૪	મીરત	૯૯,૫૬૫
૨૫	નાગપૂર	૯૮,૨૯૯
૨૬	ગ્વાલ્હેર (લશ્કર)	૮૮,૦૬૬
૨૭	ત્રિચનાપલ્લી	૮૪,૪૪૯
૨૮	પેશાવર	૭૯,૯૮૨
૨૯	ડાક્કા	૭૯,૦૭૬
૩૦	ગયા	૭૬,૪૧૫
૩૧	જબલપુર	૭૫,૭૦૫
૩૨	ઇંદોર	૭૫,૪૦૧
૩૩	શહાજહાનપૂર	૭૪,૮૩૦
૩૪	રામપૂર	૭૪,૨૫૦
૩૫	મદુરા	૭૩,૮૦૭
૩૬	કરાંચી	૭૩,૫૬૦
૩૭	મુળતાન	૬૮,૬૭૪
૩૮	ભાગલપૂર	૬૮,૨૩૮
૩૯	અંબાલા	૬૭,૪૬૩
૪૦	મોરાદાબાદ	૬૭,૩૮૭
૪૧	ભરતપૂર	૬૬,૧૬૩
૪૨	દુર્ભંગા	૬૫,૯૫૫
૪૩	ફરકાબાદ	૬૨,૪૩૭
૪૪	કોયલ	૬૧,૭૩૦
૪૫	સોલાપૂર	૬૧,૨૮૧
૪૬	સાહરનપૂર	૫૯,૨૯૪
૪૭	ગોરખપૂર	૫૭,૯૨૨
૪૮	કાલિકટ	૫૭,૦૮૫
૪૯	મિરજાપૂર	૫૬,૩૭૮
૫૦	ફૈજાબાદ	૫૫,૫૭૦

૫૧	ભોપાલ	૫૫,૪૦૨
૫૨	મોંગીર	૫૫,૩૭૨
૫૩	તંજાવર	૫૪,૭૪૫
૫૪	નાગાપટમ	૫૩,૮૫૫
૫૫	પટિઆલા	૫૩,૬૨૯
૫૬	બલ્લારી	૫૩,૪૬૦
૫૭	મૌલમીન	૫૩,૧૦૭
૫૮	રાવલપિંડી	૫,૨૯,૯૦૫
૫૯	જલંદર	૫૨,૧૧૯
૬૦	ચપરા	૫૧,૬૭૦
૬૧	કામતી	૫[illegible],૯૮૭
૬૨	સાલેમ	૫૦,૬૬૭
૬૩	કુંભકોણુમ	૫૦,૦૯૮

મૈસૂરની લોક સંખ્યા ૫૩,૮૧૬ જુના દફતર પ્રમાણે

મથુરા " ૪૭,૪૮૩ }
કટક " ૪૨,૬૫૬ } સન ૧૮૮૧ પ્રમાણે

જાહેર ખબર.

જૈન મુક્તિ બીજ કાનૂન.

સને ૧૮૮૯ ના જુલાઇ માસથી દર મહીને બહાર પાડવાની ધારણા છે.

એક વરશના ૧૨ ભાગ મળીને તેમાં નીચે જણાવેલી મહત્વીક (સુક્ષ્માર્થ) બાબતોનો શીઘ્રબોધ થવાનું મ્હોટું સાધન થશે.

૧ સમકિતના મ્હોટા ભાગનુ પ્રદર્શન.
૨ નવતત્વનો વિશેષ બોધ.
૩ કર્મગ્રંથનું સ્પષ્ટિ કરણ
૪ નયચક્ર તથા સપ્તભંગીનો પ્રકાશ
૫ દ્રવ્યાનુ યોગની બારીકતા
૬ ગુણસ્થાંન ૧૪ તથા ગુણશ્રેણી ૧૧ની સમજુતિ સાથે તે બેઉ વચ્ચેના તફાવતો
૭ મોક્ષનું બીજ મેલવવાનાં સાધન. યોગ્યતા વગેરે
૮ જૈન શાસ્ત્રાભિપ્રાયે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન થાય હેવા અપૂર્વ જ્ઞાનની જીજ્ઞાસા દાયક ચમત્કારિક પ્રશ્નો તથા બીજાં સામા-

ન્ય પ્રશ્નો મળી ૧૨૦૦ ઉપ્રાંત પ્રશ્નો થસે.

૯ કેટલાંક ચમત્કારિક તથા સામાન્ય પ્રશ્નોના ખુલાસા

૧૦ કેટલીએક સંદિગ્ધ બાબતો વિશે જુદેજુદા ગ્રંથકારોના અભિપ્રાય તથા તે સબંધિ વર્તમાનમાં ગણાતા પંડિત જનોના જવાબ જે મળી આવે તે.

૧૧ ધર્મને લાગતિ વળગતિ બાબતો સાથે સબંધિક તથા ઉપયોગી થઈ પડે એવી બ્રિટીશ કાયદાઓ માંહેની બીના.

૧૨ જ્ઞાન અને ધર્મની ઉન્નતિ માટે સુચનાઓ.

૧૩ જૈન પુસ્તકાલય સંબંધી મળેલી ફેરીસ્તો તથા જૈનીઓની વસ્તી ઈત્યાદિને લગતો મળેલો હેવાલ જે જણાવવા યોગ્ય દિશે તે

૧૪ સ્વેતાંબર તથા દિગંબર વચ્ચે મતાંતરિક માલુમ પડતા તફાવતો.

૧૫ ઉપલા વિષયોને લગતિ તથા બીજી અગત્યની બાબતો સંબંધિ જણાવવા યોગ્ય મળેલી ખબરો.

એ સંબંધી ફળ જુઓ.

૧ લક્ષ પૂર્વક એનો ઉપયોગ કરનાર લાયક માણસ સમકિત પામી શકે.

૨ એથી પ્રાપ્ત થતું તથા તેમાં નિર્દિષ્ઠ કરેલું અપૂર્વજ્ઞાન ગ્રહણ કરવાને પ્રસંગે વિશુદ્ધ પ્રણામી સમકિતી માણુસ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરી શકે.

૩ જ્ઞાનની વૃદ્ધી અને ધર્મની ઉન્નતિ થાય.

એ પુસ્તકનું લવાજમ નીચે મુજબ.

મુદત.	અગાઉથી આપવાના રૂપીયા.		પાછળથી આપવાના રૂપીયા.		છૂટક એક નકલના.
	પોષ્ટ શિવાય.	પોષ્ટ ખર્ચ સુધાંત	પોષ્ટ શિવાય.	પોષ્ટ ખર્ચ સુધાંત.	
બાર માસનું.	૩—૦—૦	૩—૬—૦	૫—૦—૦	૫—૬—૦	૦-૬-૦
૬ માસનું,	૧-૧૨-૦	૧-૧૫-૦	૨—૮—૦	૨-૧૧-૦	
ત્રણ માસનું.	૧—૦—૦	૧—૧—૬	૧—૬—૦	૧—૭—૬	

જોઈતા ગ્રાહકો થયેથી આ પુસ્તક બહાર પડશે એમ જાણી ખરીદિ દ્વારા અગાઉ આશ્રય આપનાર સાહેબો આ નીચેના લીષ્ટમાં

પોતાનાં નામ ઠેકાણા સાથે ઉદારતા પૂર્વક નકલોની સંખ્યા ભરશે એ ઉમેદ છે.

તા૦ ૧૦–૨–૮૯ મુકામ મુંબઈબંદર ઠે૦ } નારણજી હીરાચંદ કાનૂની
કોટમાં બજારગેટ ચોકીની પાછળ. } યાને ગ્રંથકર્તા.

ખરીદી નકલોની સંખ્યા દરેક પુસ્તકની			ખરીદકરનાર ગ્રહ સ્થનું નામ	ઠેકાણું	રીમાર્ક
બારમાસ સુધી	છમાસ સુધી	ત્રણમાસ સુધી			

जा..र खबर.

कायदा बोधक.

એ નામનો ત્રી માસીક અપૂર્વ ગ્રંથ.

અર્થાત્

ન્યાયને લગતા રાજ્ય કાયદાઓના અદભુત આશય પૂર્વક સીઘ્રબોધ તથા બુદ્ધિની તીક્ષ્ણતા યોગ્ય ગ્રંથ સને ૧૮૮૯ ના જુલાઇ માસથી દર ત્રણ મહીને બહાર પડસે.

એમાં આવવાની મુખ્ય બાબતો નીચે મુજબ.

૧. કાયદાઓ સંબંધી ગુહ્યાર્થ બોધ ઇચ્છક જનોને સુગમતાથી સીઘ્રબોધ દાયક કેટલીએક ગુહ્ય બાબતોનું સ્પષ્ટી કરણ ઘણા કાયદાઓના મથન યાને સંસોધન પરથી.

૨. બુદ્ધિની તીક્ષ્ણતા વિના કાયદાનું પાકુ જ્ઞાન થતું નથી

એ માટે બ્રિટીશ ઈન્ડિયા માંહેના સામાન્ય વિશેષ અને સ્થાનિક એ ત્રણ તરેહના જુદેજુદા ઘણા કાયદાઓને લાગુ પડે હેવાં ચમત્કારિક અને આલ્હાદકારી પ્રશ્નો જે ઉપરથી સોધન દ્વારા બુદ્ધિની તીક્ષ્ણતા સ્વભાવિક રીતે થાય.

૩. પીનલકોડ તથા બીજા વિશેષ કાયદાઓ સંબંધી ગુન્હાઓ બાબત તાજુબી પ્રશ્નોના તથા ક્રીમીનલ પ્રોસીજરકોડ, પુરાવાનો આક્ટ, કરાર અને વિશેષ ન્યાયનો આક્ટ, દીવાની તથા મુદતનો આક્ટ ઈત્યાદિ ઘણા કાયદાઓ સંબંધી કેટલીએક અવઘડ જેવી બાબતોનાં પ્રશ્નોના બોધજનક ખુલાસા.

૪ બ્રિટીશ ઈન્ડિયાના ઘણા કાયદાઓનું એક બીજા સાથે મીલાંન તથા મથનવડે દિસેલી સુધારવાની આવસ્યકતાવાળી બાબતો કારણોસહ.

૫ એક એક વિષયને લાગતી જુદીજુદી કલમો અલગ અલગ ઠેકાણેથી એકઠી કરી કાઢેલી જંત્રીઓ ઘણા વિષયોની.

૬ બ્રિટીશ ઇન્ડીયાના તથા બીજા દેશી રાજ્યસ્થાંનના કાયદાઓનું એક બીજા સાથે મીલાંન કરી કાઢેલો તફાવત તથા તે સંબંધી સુધારાની સુચનાઓ વીગેરે.

આ ગ્રંથનું લવાજમ ટપાલ ખરચ સીવાય નીચે પ્રમાણે.

બાર માસીક અગાઉથી આપવાના રૂ ૩—૧૨—૦ અને અને પાછલથી આપવાના રૂ૬—૦—૦

છમાસીક	,,	,,	રૂ ૨—૦—૦
,,	,,	રૂ ૩—૦—૦ ત્રણ	
ત્રણમાસીક	,,	,,	રૂ ૧—૧—૦
અને	,,	,,	રૂ ૧—૯—૦

જે પોષ્ટ માર્ગે પહોચાડવામાં આવે તેનું પોષ્ટ ખરચ બાર માસના ચાર આના છ માસના બે આના ત્રણ માસનો એક આનો વધુ લેવાશે.

ખરીદીદ્વારા અગાઉ આશ્રય આપનાર સાહેબો આ નીચેના

લીષ્ટમાં પોતાના નામ ઠેકાણા સાથે કેલવણીને ઊત્તેજન ભરેલી નજ
રથી નકલોની સંખ્યા ભરશે એમ ઉમેદ છે.

તા૦ ૧૦-૨-૮૯ મુકામ મુંબઇ ઠે૦ કોટમાં બજાર ગેટ નજીક. ચોકી પાછળ } નારણદાસ હીરાચંદ કાનૂની યાને ગ્રંથકર્ત્તા.

લીષ્ટ.

ખરીદી નકલોનીસંખ્યા દરેક પુસ્તકની			ખરીદ કરનાર ગ્રહસ્તનુ નામ	ઠેકાણું	રીમાર્ક
બારમાસ સુધી	છમાસ સુધી	ત્રણમાસ સુધી			

जाहेर खबर.

જૈન કાયદાનુ બીજ તથા સૈકડો બ્રીટીશ કાયદાઓનું મથન.

યાંને
તીક્ષણ બુદ્ધિ ગમ્ય અદ્ભુત સવાલ સંગ્રહ
અથવા માનો કે
કાયદાના વિષયમાં બુદ્ધિ અને જ્ઞાન માપવાનું તથા તીક્ષણ કરવાનું ઓજાર (સાધન)

(સવાલો સુમારે ૧૦૭૫)
તેના હીસ્સા ૨
(૭૦૦) જૈનીઓના કાયદા માટે કાઢેલા.
(૩૭૫) બ્રિટીશ કાયદાઓના મથનપરથી કાઢેલા.
૧૦૭૫

નેક નામદાર જારડીન સાહેબ બાહાદુર (મુંબઈ પ્રેસીડેન્સીની હાઈ કોર્ટના જડજ સાહેબ) એમની સમ્મતીથી.

બહાર પડશે.

એનો ઉપયોગ કરવાથી નીચે જણાવેલા ફાયદા થશે.

૧. જૈની અને બીજા હરકોઇ પંથ યા—વર્ગ અથવા જ્ઞાતીને

માટે નવો કાયદો કરાવનું બીજ યાને પાયારૂપ થશે.

૨. હિન્દુ કાયદા સંબંધી વિશેષ પ્રકારનો બોધ થવાનું સાધન મળશે.

૩. સૈકડો બ્રિટીશ કાયદાઓના ગૂઢ રહસ્ય પીછાણવાનું મ્હોટું સાધન થઇ પડશે.

૪. બુદ્ધિની તીક્ષ્ણતા વીશેસે કરીને થશે.

૫. વકીલાતની તથા એલ. એલ. બી. ની પરીક્ષા આપનારાઓને સીઘ્ર બોધ માટે ઉપયોગી તથા જરૂરનું સાધન થશે અને તેમનો અભ્યાસ વધવામાં મ્હોટી મદદ થશે,

૬. પરીક્ષામાં કેવા સવાલો મુકવા જોઇએ તે વીચારવા સારૂ જોવાને તથા મુકવાને પરીક્ષકોને ઉપયોગી થશે અને તે સાહેબોને નવા સવાલો કાઢવા સારૂ મથન કરવાની મેહેનત કેટલેક ભાગે ટળી જશે.

૭. હરકોઇને કાયદાના અભ્યાસ યા જ્ઞાનનો ખોટો ગર્વ હશે તો તે બહુધા હટશે.

૮. ફોજદારી વિષયમાં કેટલાક ગુન્હાઓની બારીકાઇ પિછાંન-(સમજવા) ને પોલીસ અમલદારોને તથા માજીસ્ટ્રેટ સાહેબોને અને અને જડજોને આવશ્યકતા ભરેલું સાધન થશે.

૯. મુકદમાના પક્ષકારોને તથા તેમના તરફથી વકીલાત તથા મુખત્યારી ચલાવનારાઓને કાયદાના પોઇંટો ખોળવાને તથા મેળવવાને તા. કોઇ કોઇ વખતે તપાસણીમાં પણ ઉપયોગી થઇ પડશે.

૧૦. સર્વે પ્રકારે જૈન કોમના સુધારાનો તથા તેમની સ્થિતિની દુરસ્તીનો બીજ રૂપી પાયો થશે. અને હરકોઇ જ્ઞાન ગ્રાહકોને જ્ઞાનાલયમાં રમણ કરવાનું આલ્હાદ ભરેલુ પેહેલા નંબરનુ સાધન થશે.— ઇત્યાદી.

---

૧૧. દરેક નકલની કીમત પૂર્વે રૂ. ૨—૦—૦ બે અને પશ્ચાત. રૂ૩—૦—૦ ત્રણ ઠેરાવ્યા છે.

૧૨. આ નીચે લીષ્ટમાં નામ ઠેકાણા સાથે ખરીદીની નીમે-કીમત અગાઉથી આપનારને માટે પૂર્વેની કીમત રૂ. ૨) લાગુ પડશે અને બીજા પ્રથમ ખરીદનારાઓને માટે પશ્ચાતની કીમત જાણવી એ

શીવાય પાછલની ઘરાકી માટે એથી પણ વધુ કીમત ગણાસે.

૧૩. જે મહાશય એકદમ (૧૦૦) સોથી વધારે નકલો ખરીદ કરશે તેમની છબી તેઉની સમ્મતીથી સદરહુ પુસ્તકમાં છાપી પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૪ સામટી એક નામથી બહું નકલો ભરનારને દર સો ચોપડીએ દસ ચોપડી મુજબ હિસાબે પૂર્ણ થાય તેટલી મફ્ત મળશે.—એ લાભ દશ યા તેથી વધારે નકલો ભરનારને માટે જાણવો પણ બીજાને માટે નહી.

૧૫. પુસ્તક બહાર પડતાં પેહેલાં અને લીષ્ટમાં ભરવાનુ કેહેવામાં આવે તે વેળાએ ખરીદીના આંક સાથે નામ ભરવું જોઇએ.

તા૦ ૧૦–૨–૮૯ મુંબઇ, ઠેકાણું–કોટમાં બજાર ગેટની નજીકમાં ચોકીની પાછલ.

નારણ હીરાચંદ કાનૂની

યાને ગ્રંથકર્તા.

ખરીદ કરનાર ગ્રહસ્થનુ નામ	ઠેકાણું	નકલો	રીમાર્ક
શેઠ તલકચંદ માણેકચંદ	મુંબઇ (ભમાદેપો)	૧૦૧	
બાબુ સાહેબ રાય ધનપત સીંઘજી બહાદુર	અંજીમગંજ (મુર્શિદાબાદ)	૧૦૧	

એ વીગેરે ખરીદીનાં લિષ્ટ ભરાએલાં છે.



Indore 7th October 1886

I had great pleasure in making the acquaintance of Narayan Hirachund the compiler of all the different laws prevelent in British Territory and in th various Native States. He is very intelligent has a wonderfull memory. He has also a good knowledge of the Jain Shastras. I had several interviews with him and was in favourably impressed with his ability snd enegry. I wish is enteprise success.

D. S. Garud
Chief Justice H. H.
Maharaj Holker
Sudder Court indore

Rajkote 28th Dec. 1886.

I have know Mr. Narayan Hirachund for the last 4 years and from my personal acquaintance I certify him that his memory is enormous, he has some British Acts on his tongue and he is a gentleman of very respectable character.

Motichaud Tulsi
Chief Karbhari
Rajkote

Rutlam August 7th 1886

I have great pleasure in meeting and conversing with Mr. Narayan Hirachund of Ahmedabad. He is man of great energy and ability, and I can certify that he knows some of the India acts in Gujorati remarkbly well.

Shyamji Krishnavarma M. A.
(Oxon), Barister-at-law,
Dewan of Rutlam.

કારણો સાથે

૧ ચર્ચા કર્યા વિના જ્ઞાન :

તેમજ તેના મર્મ સમજવાનું બનતુ

૨ યાદ રેહેવું જોઇયે કે ચર્ચાનો પાયા

૩ તાત્કાલિક પ્રશ્નોના જવાબો મુકવાથી વધારે શાસ્ત્ર [illegible]વાના ગર્જ રેહેતી નથી અને તેવી ગર્જ ઉભી કરવી એ પ્રથમ જરૂરનુ છે તથા

૪ જેઓ બહુ અલ્પાભ્યાસી છતાં વધારે જ્ઞાનનો આડંબર ધરાવે છે અને કોઇક તો પોતાના જ્ઞાનની અશકતી છતાં શક્તીનો આભાસ મુકવા પ્રયત્ન કરે છે. યાને 'અમહત્વિક' ગ્રંથો બનાવી પોતાનો તથા વાંચનારનો વખત ખોવરાવી નજીવી રીતે ખુશી કરવા ચહાય છે તેઓને શાસ્ત્ર વગેરેનું વધારે મથન કરવાની આવશ્યકતા જણાવવાના કારણસર અને.

૫. સઘળા જૈનબંધુઓમાં જૈન શાસ્ત્રનો [illegible] બોધ ચર્ચાદ્વારા વૃધી પામે ઈત્યાદિ હેતુથી આ [illegible] રચ્યો છે એણે કરી સાધુ. સાધવી. શ્રાવક શ્રાવીકા એ [illegible] માંહેના તથા બીજા હરકોઈ જ્ઞાનાભીલાષીને ભલામણ [illegible] છે કે તેઓ આપસ આપસમાં આ ગ્રંથ [illegible] પ્રશ્નો ઉપરથી [illegible] કરીને તથા જરૂર પડેથી શાસ્ત્ર વગેરે [illegible] [illegible]વી, બહુ [illegible] વીનંતિ કરી નિર્ણયકારક ખુલાસા મેળવો [illegible] જ્ઞાન પુષ્ટ થશે.૬

૬ [illegible] ગ્રંથમાં પુછેલા સવાલોના જવાબો આપનારને [illegible] બક્ષીસની [illegible] આ ગ્રંથમાં છે તે જુવો.

૭. છેવટ **જૈન મુક્તી બીજ કાનુન** નામના મારા ગ્રંથમાં જે ખુલાસા વીગેરે મુકવામાં આવશે તે વાંચી જોશો ત્યારે અતી આલ્હાદ [illegible]

નારણ હીરાચંદ કાનુની

બાને ગ્રંથ કર્તા.